# 1. રામ રાખે ત્યમ રહિયે



**મીરાંબાઈ**

**(સમય : ઈ.સ.ની સોળમી સદી)**

મીરાંબાઈનો જન્મ રાજસ્થાનના મેડતા ગામમાં રાજપરિવારમાં થયો હતો. તેઓને નાનપણથી જ કૃષ્ણ સાથેની પ્રીતિ હતી. તેથી કૃષ્ણ ભક્તિમાં જીવન પસાર કર્યું હતું. મીરાંબાઈ આપણા ઉત્તમ કોટિના ક કવયિત્રી છે. ભક્તિ એમની ઊર્મિકવિતાનો મુખ્ય સૂર રહ્યો છે. એમના અનેક પદો લોકજીભે રમતાં થઈ ગયેલાં છે.

આ પદમાં મીરાંબાઈ રામ રાખે તેમ રહેવાની શિખામણ આપે છે. જીવનમાં સુખ દુ:ખ આવતાં રહે છે. આવે સમયે પ્રભુશ્રદ્ધાથી શાંતિ અને સમતા આવે છે. સુખ દુ:ખ જીરવવાની વિવેકમતિ અને સહનશક્તિ પ્રાપ્ત થાય છે એ આ પદનો બોધ છે.

ગુજરાત સાથે ઉત્તર ભારતના મધ્યકાલિન સાહિત્યમાં પણ આ પદ સાહિત્ય પ્રકાર પ્રચલિત અને પ્રખ્યાત હતો. મોટા ભાગની કવિતાઓ તે સમયે પદરૂપે પ્રગટી જણાય છે. પદને લઘુ-ઊર્મિ કાવ્ય પ્રકારની રચના ગણી શકાય. પદ એ મધ્યકાળમાં પ્રચલિત સાહિત્યનો એક પ્રકાર છે. ગેય સ્વરૂપ, મધુરબાની અને સુકોમળ ભાષાશૈલી એ પદની ખાસ ઓળખ છે. ભજન, કીર્તન, પ્રભાતિયાં, ગરબા, ગરબી, રાસ.. વગેરે પદના પ્રકારો છે.

---

રામ રાખે ત્યમ રહિયે, ઓધવજી, રામ રાખે ત્યમ **રહિયે,**
આપણે ચિઠ્ઠીનાં ચાકર **છૈયે.**
ઓધવજી૦

કોઈ દિન પ્હેરિયે હીરનાં ચીર, તો કોઈ દિન સાદાં **ફરિયે,**
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, તો કોઈ દિન ભૂખ્યાં **રહિયે.**
ઓધવજી૦

કોઈ દિન રહેવાને બાગબગીચા, તો કોઈ દિન જંગલ **રહિયે,**
કોઈ દિન સૂવાને ગાદીતકિયા, તો કોઈ દિન ભોંય પર **સૂઈએ.**
ઓધવજી૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, તો સુખદુ:ખ સર્વે **સહિયે.**
ઓધવજી૦

## ટિપ્પણ

**ત્યમ** - તેમ, તેવી રીતે **રહિયે** - રહેવું **ચાકર** - સેવક, દાસ, નોકર **ચિઠ્ઠીના ચાકર** - કહે તેમ ચૂપચાપ કામ કરનાર **છૈયે** - છીએ **હીર** - રેશમ **ચીર** - વસ્ત્ર **ભોંય** - ભૂમિ, જમીન, ધરતી, ધરા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યમાં આપો.**

1. કવયિત્રી કેવી રીતે રહેવાનું કહે છે ? શા માટે ?
2. વસ્ત્ર પહેરવા સંદર્ભે મીરાંબાઈ શું કહે છે ?
3. ભોજન કરવા અંગે મીરાંબાઈ શું કહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. કઈ કઈ બાબતોમાં કવયિત્રી ઈશ્વરની ઈચ્છા અનુસાર વર્તવાનું કહે છે ?
2. કાવ્યમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.

**પ્રશ્ન 3. શબ્દકોશનો ઉપયોગ કરી નીચેના શબ્દોના અર્થ લખો**

| | | | |
|---|---|---|---|
| દિન | = | દીન | = |
| ચિર | = | ચીર | = |
| પુરી | = | પૂરી | = |

**પ્રશ્ન 4. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

ચીઠ્ઠી, સિરો, બગિચો, તકિઓ, ગીરીધર

## પ્રવૃત્તિ

(1) શાળાની પ્રાર્થના સભામાં આ કાવ્યનું ગાન કરો.
(2) મીરાંબાઈના ગીતો-ભજનોની કેસેટ મેળવી વર્ગમાં સાંભળો - સમૂહગાન કરો.
(3) મુશ્કેલીમાં પણ તમે ખૂબ જ ધીરજપૂર્વક કામ પૂર્ણ કર્યું હોય તેવા પ્રસંગો યાદ કરીને તમારા મિત્રને જણાવો.

## ભાષાસજ્જતા

### સ્વર - વ્યંજન અને શબ્દ

● **નીચેના શબ્દો વાંચો**

1. મેવાડ
2. અજમેર
3. મહેલ
4. ભારત
5. મીરાંબાઈ

આ શબ્દોને ધ્યાનથી જુઓ. આ શબ્દોમાં જે વર્ણાક્ષરો વપરાયા છે તેને છૂટા પાડીને જોતાં તમને કેટલાંક વર્ણો સીધાં જ દેખાશે જ્યારે કેટલાંક વર્ણો ભળેલા દેખાશે; જેમકે મેવાડ એ શબ્દમાં તમને મે, વા, ડ એ ત્રણ અક્ષર સીધાં જ દેખાશે. એમાંનો પહેલો 'મે' બોલી જુઓ એમાં 'મ્' સાથે 'એ'નો ઉચ્ચાર ભળેલો છે. તેનો ખ્યાલ આવશે. એવી જ રીતે બીજો 'વા' બોલી જુઓ ત્યારે તેમાં 'વ'ની સાથે 'આ' ભળેલો છે. તેનો તમને ખ્યાલ આવશે. આમ 'મેવાડ' શબ્દનું વિશ્લેષણ કરીએ તો –

મ્+એ,+વ્+આ+ડ્+અ

— એ પ્રમાણે થશે. આ જે ઉચ્ચારણો થયાં તે ગુજરાતી ભાષાના ધ્વનિ છે. ભાષામાં પ્રયોજાતા આવા ધ્વનિઓને સ્વર અને વ્યંજન તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતી ભાષા નીચેના વર્ણોની બનેલી છે :

**સ્વર :**

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ = 11

આ વર્ણોનો ઉચ્ચાર કરતી વખતે આપણને બીજા કોઈ વર્ણની જરૂર પડતી ન હોવાથી સ્વરની વ્યાખ્યા આપતા એવું કહી શકાય કે, 'જે વર્ણ સ્વંતત્ર રીતે બોલી શકાય તે સ્વર.'

**વ્યંજન**

ક્, ખ્, ગ્, ઘ્, (ઙ)
ચ્, છ્, જ્, ઝ્, (ઞ)
ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્,
ત્, થ્, દ્, ધ્, ન્,
પ્, ફ્, બ્, ભ્, મ્,
ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્,
હ્, ળ્, ક્ષ્, જ્ઞ્

નોંધ : ઙ અને ઞ આ બંને ધ્વનિઘટકો સંસ્કૃતમાં વપરાશમાં છે. પણ ગુજરાતીમાં એ ધ્વનિઘટક તરીકે વપરાતા નથી પણ દર્શાવાય છે.

આ વર્ણોનો ઉચ્ચાર કરતી વખતે આપણને બીજા વર્ણની (સ્વરની) જરૂર પડતી હોવાથી વ્યંજનની વ્યાખ્યા આપતા એવું કહી શકાય કે, 'જે વર્ણ સ્વતંત્ર રીતે બોલી શકાતો નથી, પરંતુ તેને બોલવા માટે સ્વરની મદદ લેવી પડે તે વ્યંજન.'

હવે તમે સમજી ગયા હશો કે ગુજરાતી ભાષામાં 11 સ્વર અને 34 વ્યંજન છે. જેની મદદથી જુદા જુદા અક્ષરો બને છે. અક્ષરોની મદદથી શબ્દો બને છે. શબ્દોની મદદથી વાક્યો બને છે અને વાક્યોની મદદથી આપણી ભાષા બને છે.

- એક કરતાં વધારે અક્ષરો,અર્થ નીકળે એ રીતે ભેગા મળે ત્યારે 'શબ્દ' બને છે.
- વ્+ઈ+મ્+અ+ન્+અ = વિમાન ખ+ઈ+સ+ક+ઓ+લ+ઈ = ખિસકોલી
- ર્+આ+જ્+અ+ન્+અ = રાજન મ+આ+છ+અ+લ+ઈ = માછલી
- ખ્+ઉ+ર્+અ+શ્+ઈ = ખુરશી ગ+આ+મ+અ+ડ+ઉં+ન = ગામડું

**સ્વાધ્યાય કાર્ય = 1. નીચેનામાંથી જે અક્ષર સમૂહો શબ્દો બનતા હોય તેવા અલગ તારવો.**

અજગર, બળદ, સસલું, કલરવ, પગ,
મસોરવા, કાજળ, વિકતા, વાદળ, વરસાદ

**2. નીચેના અક્ષરોને ફરીથી ગોઠવીને સાચા શબ્દો બનાવો.**

દા.ત : ડિઘળયા = ઘડિયાળ

| | | | |
|---|---|---|---|
| રાજિફ | = | જોણુંકડ | = |
| ગડાકાભાઈ | = | કરચા | = |
| લગજં | = | રાંબાઈમી | = |
| દીસવાળી | = | તિઅથિ | = |
| દામાચાંમા | = | રમાડીવા | = |